# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 30-06-2025 Day: Monday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## PM- મન કી બાત:

આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમની 123ની કડીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાજ્યમાં થયેલી આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીની પ્રશંસા કરી. શ્રી મોદીએ કહ્યું વડનગરમાં 2 હજારથી વધુ લોકોએ સાથે મળીને ભુજંગાસન કરી ઇતિહાસ રચ્યો.

કાર્યક્રમ દરમિયાન શ્રી મોદીએ અમદાવાદ શહેરના મિશન ફોર મિલિયન ટ્રીઝ અભિયાન વિશે વાત કરી. તેમણે કહ્યું કે આ અભિયાનની એક વિશેષતા સિંદૂર વન છે. આ જંગલ ઓપરેશન સિંદૂરના નાયકોને સમર્પિત છે.

શ્રી મોદીએ જણાવ્યું કે, આરોગ્યથી લઇને સામાજિક સુરક્ષા સુધી દેશ તમામ ક્ષેત્રોમાં ઝડપથી આગળ વધી રહ્યો છે. ગઈકાલે આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમમાં રાષ્ટ્રને સંબોધન કરતા શ્રી મોદીએ આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠનનાં એ અહેવાલનો ઉલ્લેખ કર્યો જેમાં જણાવવામાં આવ્યું છે કે, દેશની 64 ટકાથી વધુ વસ્તી અને 95 કરોડ લોકોને કોઇને કોઇ સામાજિક સુરક્ષાનો લાભ મળી રહ્યો છે.

---

## નિપૂણ કેલેન્ડર:

પાઠ્યક્રમ આધારે ગુજરાતી અને ગણિત વિષયને આવરી લઈ નિપૂણ શૈક્ષણિક કેલેન્ડર બનાવનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે. કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલે મહેસાણા જિલ્લામાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ દરમિયાન આ કેલેન્ડર નિહાળ્યું હતું.

નિપૂણ ભારત અંતર્ગત આ શૈક્ષણિક કેલેન્ડર બનાવવામાં આવ્યું છે. વર્ષ દરમિયાન બાળક જે જે પ્રવૃતિ કરી રહ્યું છે એ વાલીઓને પણ મેસેજ જાય બાળક ને જીવનઘડતરની કેળવણી ઘર અને શાળા દ્વારા બાળકનો સર્વાંગી વિકાસ થાય એક સારો નાગરિક તૈયાર થાય એ બાબતોને ધ્યાનમાં લઈ સમગ્ર શિક્ષા અભિયાન, શિક્ષણ વિભાગ, સ્ટેટ રિસર્ચ ગ્રુપના સભ્યોના સંયુક્ત પ્રયાસથી આ કેલેન્ડર બનાવવામાં આવ્યું.

આ કેલેન્ડરમાં બાળક ક્રમિક દર માસે જે જે પ્રવૃતિ કરી રહ્યું છે, એ ચિત્રાંકન સ્વરૂપે એને રજૂ કરાયું છે અને સાથે પ્રશ્નો પણ મૂકવામાં આવ્યા છે જેથી દરેક બાળક સાથે પરિવારના સભ્યો પ્રશ્નોત્તરી કરી શકે.

---------------------------------------------------------------------------------------

## રેલવે મંત્રી- રિઝર્વેશન ચાર્ટ:

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે રેલવે બોર્ડને ટ્રેન ઉપડવાના આઠ કલાક પહેલા તબક્કાવાર રિઝર્વેશન ચાર્ટ તૈયાર કરવાનો અમલ શરૂ કરવાનો નિર્દેશ આપ્યો છે. આ પગલાથી વેઇટલિસ્ટ ટિકિટ ધરાવતા મુસાફરો માટે અનિશ્ચિતતાઓ ઓછી થશે.

જો વેઇટિંગ લિસ્ટ કન્ફર્મ ન થાય તો વૈકલ્પિક વ્યવસ્થા કરવા માટે વધુ સમય પણ મળશે. શ્રી વૈષ્ણવે ભાર મૂક્યો કે ટિકિટિંગ સિસ્ટમ સ્માર્ટ, પારદર્શક, સુલભ અને કાર્યક્ષમ હોવી જોઈએ. રેલવે  મત્રાલયે રેલવે ટિકિટ બુકિંગને સરળ બનાવવા માટે શ્રેણીબદ્ધ પગલાં લઈ રહી છે.

---------------------------------------------------------------------------------------

## સર્વોચ્ચ અદાલત-ન્યાયધીશ નિલય અંજારીયા-સન્માન:

સમાજ વ્યવસ્થામાં કાયદો કેન્દ્ર સ્થાને હોય છે, સામાન્ય માણસની આશા અને વિશ્વાસ ત્યાંથી શરૂ થાય છે, ગઈકાલે માંડવી બાર એસોસિએશન દ્વારા સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ નિલય અંજારિયાનું સન્માન કરવામાં આવ્યું  ત્યારે તેમણે આ

મુજબ જણાવ્યું. સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ બન્યા બાદ તેઓ પ્રથમ વખત પોતાના વતન માંડવીની મુલાકાતે આવ્યા હતા.

કાર્યક્રમમાં ન્યાયમૂર્તિ અંજારિયાએ પોતાના વિદ્યાર્થી જીવનથી લઈને વર્તમાન સમય સુધીની યાત્રા વિશે વાત કરી હતી. તેમણે કચ્છ અને કચ્છી લોકોના સહયોગ બદલ આભારની લાગણી વ્યક્ત કરી.માંડવી બાર એસોસિએશનના પ્રમુખ ખેરાજ રાગ અને વકીલ મિત્રોએ પાઘડી પહેરાવી તેમનું સન્માન કર્યું હતું.

કાર્યક્રમમાં ભુજ, ગાંધીધામ, અંજાર, મુન્દ્રા, નખત્રાણા, રાપર, નલિયા અને દયાપરના બાર એસોસિએશનના સભ્યો જોડાયા હતાં.

---------------------------------------------------------------------------------------

## ભુજમાં ખારેક આંતરાષ્ટ્રીય પરિષદ:

ભુજમાં સ્મૃતિવન ખાતે "ખારેકમાં તકનીકી નવીનતા અને ટકાઉ વિકાસ" વિષય પર આંતરરાષ્ટ્રીય પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પરિષદ ભારતીય શુષ્ક બાગાયતી સોસાયટી, બિકાનેર, રાજસ્થાનના સંયુક્ત ઉપક્રમે યોજાઈ હતી.

આ પરિષદમાં દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડો. આર. એમ. ચૌહાણે જણાવ્યું હતું કે, સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના સંશોધન અને વિસ્તરણ તેમજ યુનિવર્સિટીના ખારેક સંશોધન કેન્દ્ર, મુન્દ્રાના યોગદાનથી આજે સમગ્ર ભારતમાં કચ્છની ખારેક પહોંચી છે.

આ પરિષદમાં દેશભરમાંથી 130 કૃષિ વૈજ્ઞાનિકો, વિદ્યાર્થીઓ અને સહકારી સંસ્થાના અધિકારીઓએ ભાગ લીધો હતો. આ ઉપરાંત, અમેરિકા, મોરોક્કો અને ફિનલેન્ડના કૃષિ વૈજ્ઞાનિકોએ ખારેક પરના પોતાના સંશોધનો રજૂ કર્યા હતા. મહારાષ્ટ્ર, રાજસ્થાન અને અન્ય રાજ્યોમાંથી ખેડૂતો પણ આ પરિષદમાં જોડાયા હતા.ખારેક સંશોધન કેન્દ્ર-મુન્દ્રા દ્વારા ખારેકની 140થી વધુ વેરાયટીઓ અને જીનોટાઇપનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

---------------------------------------------------------------------------------------

## વરસાદ:

રાજ્યના 160 તાલુકામાં ગઈકાલે વરસાદ નોંધાયો હતો. અત્યાર સુધી રાજ્યમાં સિઝનનો સરેરાશ 31 ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. આગામી 7 દિવસ રાજ્યમાં ભારે વરસાદની આગાહી હવામાન વિભાગે કરી છે.રાજ્યમાં ભારે વરસાદની આગાહીને લઈને માછીમારોને દરિયો ન  ખેડવા સુચના આપવામાં આવી છે.

દરમ્યાન કચ્છમાં વરસાદી વાતાવરણ રહ્યુ હતું.  જીલ્લા કંન્ટ્રોલરૂમ પરથી મળતી આંકડાકીય માહિતી મુજબ ગઈકાલે સાંજના 6 વાગ્યા આજ સવારના 6 વાગ્યા દરમ્યાન કચ્છ જીલ્લામાં  કુલ 19 મિલિમિટર વરસાદ નોંધાયો છે.

---------------------------------------------------------------------------